રજૂ તારીખ : ૦૪/૧૦/૨૦૧૬.

દાખલ તારીખ : ૦૪/૧૦/૨૦૧૬.

ફેસલ તારીખ : ૩૦/૦૯/૨૦૨૧.

સમયગાળો :વર્ષ માસ દિવસ

**મોરબીના મહેરબાન પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ**

**સાહેબની કોર્ટમાં, મુ.મોરબી.**

**સ્પે.દિ.દાવા.નં.૪૨/૨૦૧૬**

આંક–૭૪

વાદી :– (૧) સવિતાબેન વા.ઓ. ગોરધનભાઈ સનારીયા,

ઉ.વ.આ.૫૭, ધર્મે–હિન્દુ, ધંધો–ઘરકામ,ખેતી.

રહે. રાજપર, તા.જી.મોરબી

તેણીના કુલમુખત્યાર દરજ્જે તેણીના પતિ

ગોરધનભાઈ ગંગારામભાઈ સનારીયા

રહે.સદર.

**વિરુધ્ધ**

પ્રતિવાદીઓ :– (૧) ગુજ.દેવશીભાઈ સુંદરજીભાઈ સનારીયાના સીધી લીટીના વારસો.

(૧.૧) વલ્લભભાઈ દેવશીભાઈ સનારીયા

ઉ.વ.૫૬, ધર્મે:હિન્દુ, ધંધો:ખેતી,

(૧.૨) નરેશભાઈ ઉર્ફે નારણ ભાઈ દેવશીભાઈ સનારીયા

ઉ.વ.૩૬, ધર્મે:હિન્દુ, ધંધો:ખેતી,

બન્ને રહે.રાજપર, તા.જી.મોરબી

(૧.૩) વસંતાબેન ડી.ઓ.દેવશીભાઈ સનારીયા

રહે.સીમધર સીટી, અડાલજ, ત્રિમંદીરની બાજુમાં,

મહા વિદેહ ફલેટ નં.ઈ/૬૪,

કલોલ હાઈવે, ગાંધીનગર

(૧.૪) રૂક્ષ્મણીબેન ડી.ઓ.દેવશીભાઈ સનારીયા
તે કેશવજીભાઈ ધરમશીભાઈ રંગપરીયાના ધર્મપત્નિ
રહે.ભકિત નિકેતન–૧, રાધાકૃષ્ણ સોસાયટી,
અવની પાર્કરોડ, મોરબી.૧

વાદી તર્ફે : વિ. વ. શ્રી એ.સી.પ્રજાપતિ
પ્રતીવાદીઓ તર્ફે : વિ.વ.શ્રી એ.વી.બડમલીયા

બાબત:– <u>સમજુતીના કરારનુ પાલન કરવા તથા ડેકલેરેશન કાયમી મનાઈ હુકમ મેળવવા અંગે</u>

---

***–: જજમેન્ટ :–***

**(૧)** આ કામે વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે વાદીએ હાલનો દાવો વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે થયેલ સમજુતીના કરારનું પાલન કરવા તથા લેણી રકમ વસુલ મેળવવા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા દાવાનો આંક–રૂા. ૫,૩૧,૧૬૦/–નો બાંધી હાલનો દાવો દાખલ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે વાદી મારા પત્ની છે અને તેઓએ મારી તરફેણમાં કુલ મુખત્યારનામુ આપેલ છે. અમો દાવાની સમગ્ર હકીકતોથી માહીતગાર છીએ અને મોરબી તાલુકાના મોરબી જીલ્લાના રાજપરની સીમના સર્વે નં.૩૦૬ પૈકી ર ની ખેડવાણ જમીનની સમગ્ર હકીકતોથી અમો વાકેફ છીએ. આ જમીન અમો વાદીની માલીકી ની અને પ્રત્યક્ષ કબ્જા ભોગવટાની છે તે જમીનની અંદર પિયત કરવા તેમાં કુવો બનાવેલ છે અને તે કુવા પરત્વે તા.૩૧–૦૫–ર૦૧૬ નારોજ વાદી તથા અંબારામભાઈ માવજીભાઈ સનારીયા તથા પ્રતિવાદીઓ વચ્ચે ઘરમેળેની સમજુતી અંગેનું લખાણ સાક્ષીઓની હાજરીમાં થયેલ અને તેમાં બન્ને પક્ષકારોએ સહીઓ કરેલી અને તે લખાણ મુજબ દરેકે તેની અમલવારી કરવાની હતી. આ કરારના લખાણના પેરા ૩ મુજબ કુવો વાદીના નામે રેવન્યુ રેકર્ડમાં

નોંધાયેલ છે. તે કુવાની બજાર કિંમત રૂા.૧૫,૫૦,૦૦૦/– પુરા પંચો રૂબરૂ નકકી કરવામાં આવેલ. આ કુવામાં વાદી તથા અંબારામ માવજીભાઈ સનારીયા અને આ કામના પ્રતિવાદીઓ વચ્ચે કુવાની કિંમત રૂા.૧૫,૫૦,૦૦૦/– નકકી થયેલ. આ મુજબ ત્રીજા ભાગે રૂા.૫,૧૬,૬૬૦,/– પુરા વાદીને પ્રતિવાદીઓએ ચુકવવાનુ નકકી થયેલ હતુ તેમ છતા પ્રતિવાદીઓએ આજદીન સુધી એ રકમ ચુકવેલ નથી અને આ કરારનુ ભંગ કરેલ છે. આ લખાણના પેરા ૬ મુજબ સર્વે નં.૩૦૬ પૈકી ૨ ની જમીન પ્રતિવાદીઓ કરતા વાદીના રેવન્યુ રેકર્ડ મુજબ એક ગુંઠો જમીન ઓછી છે. જેથી પ્રતિવાદીઓએ એક ગુંઠો જમીનની સમાધાન મુજબ નકકી થયેલ બજાર કિંમત રૂા.૧૪,૫૦૦/– પુરા વાદીને તા.૦૭–૦૬–૨૦૧૬ નારોજ ચુકવી આપવાના થતા હતા તે રકમ ચુકવવામાં પ્રતિવાદીઓ નિષ્ફળ નીવડેલ છે. ઘરમેળે થયેલ સમજુતીના લખાણ પેરા ૭ માં જણાવ્યા મુજબ પાણીની પાઈપલાઈન રીપેર કરવા સીવાય કોઈ પક્ષકારે એકબીજાની જમીનમાં બીનજરૂરી પ્રવેશ કરવો નહી તેવી સ્પષ્ટ શરત મુકવામાં આવેલ તેમ છતા પ્રતિવાદીઓ વાદીને હેરાન પરેશાન કરવા તેમજ વાદીએ કરેલ પોતાની માલીકીની ખેડવાણ જમીનમાં વાવેતરને નુકશાન કરવાના એકમાત્ર ઈરાદાથી પ્રતિવાદીઓ વાદીની માલીકીની જમીનમાં અવાર નવાર બીનઅધિકૃત રીતે ખોટા કારણો ઉભા કરી પ્રવેશ કરી રહેલ છે અને કાયદો હાથમાં લઈ જે કરાર થયેલ છે તેનો છેડચોક ભંગ કરી રહેલ છે. સમજુતીના લખાણના પેરા ૮ માં જણાવ્યા મુજબ કુવાની આજુબાજુમાં કે હદમાં કોઈ પણ પ્રકારનું દબાણ કરવુ નહી તેવી સ્પષ્ટ સમજુતી વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે સાક્ષીઓની હાજરીમાં થયેલ હોવા છતા પ્રતિવાદીઓ કુવાની હદમાં તેઓની રીતે મનમાની કરી તેવુ દબાણ ન કરવા વાદી સ્પષ્ટ જણાવતા હોવા છતા પ્રતિવાદીઓ ધાક ધમકી અને જોહુકમી આચરી કુવાની હદમાં છાપરા બનાવેલ છે તે બનાવવા તેને હકક અધિકાર ન હોવા છતા કરારમાં થયેલ સમજુતીની ઉપરવટ જઈને છાપરા બનાવેલ છે. પ્રતિવાદીઓએ આ કરારનો ભંગ કરેલ હોવાથી હાલનો દાવો દાખલ કરી વાદીએ એવી દાદ માગેલ છે કે આ કામના પ્રતિવાદીઓ પાસેથી સમજુતી કરાર મુજબની રૂા. ૫,૩૧,૧૬૦/– પુરા પ્રતિવાદીઓ જાતે તથા દરેક પ્રકારની મિલ્કતમાંથી વસુલ થાય તેવુ ચડતા વ્યાજ સહીતનું હુકમનામુ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂઘ્ધમાં કરી

આપવા અરજ કરેલ છે. તેમજ તા.૩૧–૦૫–૨૦૧૬ નારોજ જે સમજુતીનુ લખાણ થયેલ છે તેનુ અમલ કરવા પ્રતિવાદીઓ બંધાયેલા છે તેવુ ઠરાવવા તેમજ અમો વાદીની જમીનમાં પ્રતિવાદીઓ ઘરમેળે થયેલ લખાણ મુજબ વાદીની માલીકી કબ્જા ભોગવટામાં દખલ ન કરે તેમજ કોઈ પણ પ્રકારના ગેર કાયદેસરના કૃત્યો કરી અમો વાદીની જમીનમાં બીનજરૂરી પ્રવેશ કરી ખેતીકામને નુકશાન કે કોઈ પણ જાતનુ દબાણ પ્રતિવાદીઓ જાતે કે તેમના એજન્ટો, મુખત્યાર, પ્રતિનિધી, દાળીયા–સાથી કે મજુરો કે અન્ય ત્રાહીત શખ્શો કે વંશ વારસો મારફતે કરે કરાવે નહી તેવો વાદીની તરફેણમાં તેમજ પ્રતિવાદીની વિરૂધ્ધમાં મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) આ કામે પ્રતિ.નં.૧ થી ૩ નાઓએ આંક–૧૪ થી વાદીની દાવા તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે તેમાં તેઓએ જણાવે છે કે વાદીના દાવાને સમય મર્યાદાનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ વાદીએ દાવામાં જરૂરી પક્ષકારો જોડેલ ન હોઈ અને જરૂર વગરના પક્ષકારો જોડેલ હોઈ તેમજ વાદીનો દાવો ચલાવવા આ અદાલતને હકુમત ન હોઈ દાવો રદ કરવા હકુમત કરેલ છે. વાદીએ દાવામાં કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ ન હોઈ દાવો રદ કરવા અમો પ્રતિવાદી તથા વાદી વચ્ચે જે લખાણ થયેલાની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલ છે. તેમજ આ કામના વાદી અને સાક્ષીઓ એક કુટુંબના હોય અને મીલી ભગત કરી ખોટુ લખાણ ઉભુ કરી અમારી સાથે છેતરપીંડી કરેલ છે. વાદગ્રસ્ત કુવો વાદી તથા પ્રતિવાદીઓનો સહીયારો છે અને ઘરમેળેની વહેંચણી વખતે સમજુતી થયેલ ત્યારબાદ વહેંચણી નોંધ નં.૩૪૦૨ તા.૨૬–૦૨–૦૧ નારોજ રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલી. આ કુવામાંથી વર્ષોથી પાણી પાઈએ છીએ અને તે કુવાની સમજુતીનુ અને તેના રૂપિયા આપવાનુ લખાણ અમો પ્રતિવાદીને કરવાની કયાંથી જરૂરીયાત થાય. સદરહું લખાણ ખોટુ અને ઉપજાવી કાઢેલ છે જેથી હાલનો દાવો રદ કરવા અરજ કરેલી છે. વાદીને જમીન એક ગુંઠા ઓછી આવી હોય તો તેની વહેંચણીની નોંધ નં.૩૪૦૨ તા.૨૬–૦૨–૦૧ નારોજની પાડવામાં આવેલી છે તો ત્યારે પણ આ કામના વાદીને ખબર હોવી જોઈએ કે તેઓના ખાતામાં એક ગુંઠા જમીન ઓછી આવે છે તેવુ ઘરમેળેનું સમજુતીનુ લખાણ તા.૩૧–૦૫–૨૦૧૬ નારોજ કરવાની

જરૂર પડી. પાંચ વર્ષ સુધી વાદી શું કરતા હતા કે તેમને ૨૦૧૬ માં તે લખાણ કરવાની જરૂર પડી. આમ આ લખાણ શંકાના દાયરામાં આવે છે. વાદીએ તેની દાવા અરજીમાં તેઓના ખેતરને શું નુકશાન થયુ કયારે થયુ કેટલુ થયુ તેવી કોઈ સ્પષ્ટ હકીકત દર્શાવેલ નથી. તેમજ વાદીના કહેવા મુજબ અમો પ્રતિવાદીએ કુવાની આજુબાજુ છાપરા બનાવી દબાણ કરેલ છે તો કયારે, કઈ દિશાએ અને કેટલુ દબાણ કરેલ છે તેવી કોઈ હકીકત વાદીએ તેના દાવામાં દર્શાવેલ નથી. આમ વાદીએ તેની દાવા અરજીમાં મભમ હકીકતો દર્શાવેલ છે આથી વાદીનો દાવો રદ થવા પાત્ર છે.આ તમામ સંજોગો ધ્યાને લઈ વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદીએ નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–:દસ્તાવેજી પુરાવાઓ:–**

(૧) આંક–૩૩ થી વાદીએ ગોરધન ગંગારામભાઈ સનારીયા ને આપેલ કુલ મુખત્યારનામુ.

(૨) આંક–૩૪ થી વાદીના નામના રાજપર સર્વે નં.૩૦૬ પૈકીના ગામ નમુના નં.૬

(૩) આંક–૩૫ થી વાદીના નામના ગામ નમુના નં.૭

(૪) આંક–૩૬ થી વાદીના નામના ગામ નમુના નં.૧૨

(૫) આંક–૩૭ થી વાદીના નામના ગામ નમુના નં.૮–અ

(૬) આંક–૩૮ થી વાદીના નામના ગામ નમુના નં.૧૬

(૭) આંક–૩૯ થી વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે થયેલ સમજુતી કરાર

(૮) આંક–૪૦ થી વાદીએ પ્રતિવાદીઓને આપેલ કાનુની નોટીસ

(૯) આંક–૪૧ થી વાદીએ પ્રતિવાદીને મોકલેલ કાનુની નોટીસ ની પોસ્ટ ખાતાની વિન્ડો સ્લીપો

(૧૦) આંક–૪૨ થી વાદીની પ્રતિવાદી નં.૧ ને બજેલ કાનુની નોટીસ ની પોસ્ટ ખાતાની એ.ડી. સ્લીપ

(૧૧) આંક–૪૩ થી વાદીની પ્રતિવાદી નં.૨ ને બજેલ કાનુની નોટીસ ની પોસ્ટ ખાતાની એ.ડી. સ્લીપ

(૧૨) આંક–૪૪ થી વાદીની પ્રતિવાદી નં.૩ ને બજેલ કાનુની નોટીસની પોસ્ટ ખાતાની એ.ડી. સ્લીપ.

**<u>–:મૌખિક પુરાવાઓ:–</u>**

(૧) આંક–૨૬ થી ગોરધનભાઈ ગંગારામભાઈ સનારીયા નું સી.પી.સી.ઓર્ડર ૧૮ રુલ ૪ મુજબનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે.

(૨) આંક–૪૫ થી કેશવજી મોહનભાઈ સનારીયાનું સી.પી.સી.ઓર્ડર ૧૮ રુલ ૪ મુજબનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે.

આ કામે વાદી એ આંક–૪૭ થી તેઓનો પુરાવો પુરો થયા અંગેનું જાહેર કરતી પુરસીશ રજુ કરેલ છે.

**(૪)** આ કામે પ્રતિવાદીઓએ નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>–:દસ્તાવેજી પુરાવાઓ:–</u>**

(૧) આંક–૫૨ થી કુલ મુખત્યારનામુ

(૨) આંક–૫૩ થી દેવશીભાઈ સુંદરજીભાઈના ગામ નમુના નં.૮–અ

(૩) આંક–૫૪ થી દેવશીભાઈ સુંદરજીભાઈના ગામ નમુના નં.૭

(૪) આંક–૫૫ થી દેવશીભાઈ સુંદરજીભાઈના ગામ નમુના નં.૧૨

**<u>–:મૌખિક પુરાવાઓ:–</u>**

(૧) આંક–૫૦ થી નરેશભાઈ ઉર્ફે નારણભાઈ દેવશીભાઈ સનારીયા નું સી.પી.સી.ઓર્ડર ૧૮ રુલ ૪ મુજબનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે.

આ કામે પ્રતિવાદીઓ તરફે આંક–૭૨ થી તેઓનો પુરાવો પુરો થયા અંગેનુ જાહેર કરતી પુરસીશ રજુ કરેલ છે.

**(૫)** ઉપરોકત રજુ થયેલ પ્લીડીંગ તથા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના આંક–૨૧ થી મુદ્દા ઘડવામાં આવેલા છે.

**<u>:–મુદાઓ:–</u>**

**૧.** શું વાદી પુરવાર કરે છે કે, વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે તા.૩૧–૦૫–૨૦૧૬ ના રોજ ઘરમેળે સમજુતીનો કરાર થયેલો?

**૨.** શું વાદી પુરવાર કરે છે કે, વાદીએ પ્રતિવાદીઓ પાસેથી કુવાની કિંમત પેટે રૂ.૫,૧૬,૬૬૦/– તથા એક ગુંઠો ઘટતી જમીન પેટે રૂ.૧૪,૫૦૦/– મળી કુલ રૂ.૫,૩૧,૧૬૦/લેવાના બાકી નીકળે છે?

**૩.** શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીઓએ તા.૩૧–૦૫–૨૦૧૬ ના રોજ ઘરમેળે સમજુતીનો કરાર થયેલો તેનો ભંગ કરેલો છે?

**૪.** શું વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે?

**૫.** શું વાદીનો દાવો ચલાવવા આ અદાલતને હકુમત છે?

**૬.** શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, તા.૩૧–૦૫–૨૦૧૬ નો કરાર પ્રતિવાદીઓની જાણ બહાર અને ફોસલાવીને કરાવી દીધેલ છે?

**૭.** શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

**૮.** શું હુકમ શું હુકમનામુ?

(૬) મારા ઉપરોકત મુદાના જવાબો નીચે મુજબ આપવામાં આવેલા છે.

**(૧) હકારમાં**

**(૨) હકારમાં**

**(૩) હકારમાં**

**(૪) નકારમાં**

**(૫) હકારમાં**

**(૬) નકારમાં**

**(૭) હકારમાં**

**(૮) આખરી હુકમ મુજબ.**

(૭) આ કામે મારા ઉપરોકત મુદાના કારણોની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે. આ કામે મુદા નં.૧ થી ૩ તથા ૬ ના મુદાની હકીકતો એકબીજા સાથે સંકળાયેલ હોય હકીકતો તથા પુરાવાનુ પુનરાવર્તન ટાળવા માટે મુદા નં.૧ થી ૩ તથા ૬ ની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. આ કામે વાદીના વિ.વિ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે વાદીના કુલ મુખત્યારે હાલનો દાવો રકમ વસુલ મેળવવા તથા ડકેલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા દાખલ કરેલ છે. આ જમીન ગોરધન ગંગારામ સનારીયાના નામે હતી અને વહેંચણીમાં તેના પત્નિને મળેલી અને મુખત્યારનો હકક હિસ્સો સમાયેલો છે પ્રતિવાદીઓ ગોરધન ગંગારામના કુટુંબીજનો છે ગોરધનભાઈ ને સર્વે નં.૩૦૬ પૈકી ર ની જમીન વારસાઈમાં મળેલી છે. પ્રતિ.નં.૧ દેવશીભાઈ સુંદરજીભાઈ ને ૩૦૬ પૈકી ૧ ની જમીન ભાગમાં મળેલી છે. આ વડીલોપાર્જીત જમીનનું રેવન્યુ રેકર્ડમાં વહેંચણી થતા બન્નેના નામો આવેલ છે. સર્વે નં.૩૦૬ પૈકી ર માં વાદીની જમીનમાં પિયત માટેનો કુવો આવેલ છે તે કુવા માટે વાદી તથા તેના ભાઈ અંબારામ માવજી ભાઈ તથા પ્રતિવાદીઓ દેવશીભાઈ સુંદરજીભાઈ, વલ્લભભાઈ દેવશીભાઈ, નરેશ ઉર્ફે નારણભાઈ દેવશીભાઈ સનારીયા ની વચ્ચે ઘરમેળે સમજુતી થયેલ, ઘરમેળે સમજુતી તા.૩૧–૦૫–૧૬ નારોજ થયેલ અને આ સમજુતી મુજબ જુદી જુદી શરતો રાખવામાં આવેલી. તેની શરત નં.૩ મુજબ દાવાવાળી જમીનનો કુવો પ્રતિ.નં.૧ નાએ સંભાળેલ છે અને કુવાની બજાર કિંમત પેટે વાદીને રૂા.૫,૧૬,૬૬૦/– તા.૦૭–૦૬–૨૦૧૬ સુધીમાં ચુકવી આપવાના છે. કુવો વાદીના ભાગમાં આવેલો છે તે દર્શાવતો ગામ નમુના નં.૧ર નો ઉતારો આંક–૩૬ થી વાદીએ રજુ કરેલ છે અને જે ઘરમેળે લખાણ થયેલ તે આંક–૩૯ થી રજુ થયેલ છે. વાદીની જમીનમાં કુવો આવેલ હોવાના કારણે વાદીની જમીન ઓછી થયેલી. પ્રતિવાદી તથા કુટુંબી થતા હોઈ જમીનમાં પાઈપલાઈન નાખી પાણી લેતા હતા. આ હકીકતમાં સમજુતીના પેરા–૬ માં દર્શાવેલ છે જેથી વાદીની એક ગુંઠા જમીન ઓછી થયેલી તેની બજાર કિંમત રૂા.૧૪,૫૦૦/– નકકી કરવામાં આવેલી અને કુવાની કિંમત ત્રણેય વચ્ચે રૂા.૧૫,૦૦,૦૦૦/– નકકી કરવામાં આવી. આ સમજુતીના લખાણના પેરા–૮ માં

એવુ નકકી થયેલુ કે મજુર અંગેના જે છાપરા બનાવેલ છે તે દુર કરવાના રહેશે અને કુવાની આજુબાજુની હદમાં કોઈ પણ પ્રકારનુ દબાણ કરવાનુ રહેશે નહી. આ કામે વાદીએ પ્રતિવાદીઓને રૂા.૫,૩૧,૧૬૦/– વસુલ મેળવવા તથા ઘરમેળે લખાણ થયેલ તેનો અમલ કરવા માટે તા.૦૨–૦૯–૧૬ નારોજ નોટીસ આપેલી જે નોટીસ પ્રતિવાદીઓને ધોરણસર બજેલ હોવા છતા પ્રતિવાદીઓ તરફથી આ નોટીસનો કોઈ જવાબ આપવામાં આવેલ નથી કે તેની અમલવારી કરેલ નથી. આ કામે વાદીએ આંક–૫ થી મનાઈ હુકમની માગણી કરેલી. જે વાદીની તરફેણમાં મંજુર થયેલ છે. આ કામે પ્રતિવાદીઓએ આંક–૧૪ થી દાવા તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે એવી તકરાર લીધેલ છે કે લખાણ ગેરકાયદેસર, ખોટુ અને ફ્રોડયુકત છે તો આ બાબતે પ્રતિવાદીઓએ વાદીની સામે આજદીન સુધી કોઈ ફરીયાદ કે દાવો કરેલ નથી કે આવા લખાણના દસ્તાવેજને હેન્ડ રાઈટીંગ એકસપર્ટને તપાસણી માટે મોકલવામાં આવેલ નથી આ કામે કોઈ પંચનામુ થયેલ નથી જેથી કુવો સહીયારો છે તેવુ માની શકાય નહી. આ કામે આંક–૩૪ થી ૩૬ સુધીના ગામ નમુના નં.૬, ૭ તથા ૧૨ ના ઉતારા રજુ કરવામાં આવેલ છે. તેમજ ખેતર આથમણુ છે. આંક–૩૫ માં કુવો છે તેવુ દર્શાવેલ છે તેમજ આંક–૩૬ માં કુવો સહીયારો છે તેવુ કયાંય દર્શાવેલ નથી કે તેની કોઈ નોંધ આંક–૩૫ કે આંક–૩૬ માં નથી. આંક–૩૭ થી ગામ નમુના નં.૮–અ નો ઉતારો છે. આંક–૩૮ થી ગામ નમુના નં.૧૬ નો ઉતારો છે જે પાણીના સાધન અંગેનુ પત્રક છે. જેમાં કુવો ખાનગી દર્શાવેલ છે અને એમાં વાદીનુ નામ છે. આંક–૪૦ થી વાદીને નોટીસ આપવામાં આવેલી જે નોટીસ પ્રતિવાદીને બજેલ છે તેની એકનોલોજમેન્ટ રીસીપ્ટ આંક–૪૨ થી ૪૪ ની રજુ થયેલ છે આંક–૪૫ થી કેશવજી મોહનભાઈ સનારીચાનું સોગંદનામુ રજુ થયેલ છે તેઓ આંક–૩૯ વાળા લખાણના સાહેદ છે. આ કામના વાદીએ રજુ કરેલ લેખિત તથા મૌખિક પુરાવાનું ખંડન પ્રતિવાદી તરફથી કરવામાં આવેલ નથી કે તેની વિરૂઘ્ધનો કોઈ પુરાવો પ્રતિવાદી તરફથી રજુ થયેલ નથી. આંક–૫૦ થી પ્રતિ. નં.૩ ની સોગંદ પરની સરતપાસ રજુ કરવામાં આવેલ છે. આંક–૫૨ થી પ્રતિ.નં.૧, ૨ નાએ પ્રતિ.નં.૩ નાએ કરી આપેલ કુલ મુખત્યારનામુ તેમજ આંક–૫૩ થી ગામ નમુના નં.૮–અ, આંક–૫૪ થી ગામ નમુના નં.૭, આંક–૫૫ થી ગામ નમુના નં.૧૨ ના ઉતારા

રજુ કરેલ છે તે તમામ દસ્તાવેજો સર્વે નં.૩૦૬ પૈકી ૧ ના ઉતારા છે અને તેમાં પ્રતિવાદીઓની જમીનમાં પિયત અંગેનુ કોઈ સાધન કે કુવો હોય તેવી કોઈ હકીકત દર્શાવેલ નથી. તેમજ આ કામે વાદીએ એ.આઈ.આર.૧૯૯૫ સુ.કોર્ટ પાના નં.૧૭૨૮ દીગમ્બર અદહર વિરૂધ્ધ દેવરામ ગીરધર પટેલના વારસો તથા બીજાઓના ચુકાદા રજુ રાખી વાદીનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે. આ કામે પ્રતિવાદીએ તેમની દલીલમાં જણાવેલ છે કે પ્રતિવાદીઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા પ્રતિવાદીએ રજુ કરેલ આંક–૫૦ ની સર તપાસ ધ્યાને લઈ તેમજ વાદીએ રજુ કરેલ ચુકાદાની હકીકતો હાલના કેસ સાથે સુસંગત થતી ન હોય વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલી છે. આ કામે વાદી તરફે આંક–૨૬ થી સી.પી.સી. ૧૮ રુલ ૪ મુજબનું ગોરધનભાઈ ગંગારામભાઈ સનારીયા નું પુરાવાનુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. તેઓએ તેમની સર તપાસ તથા દાવા અરજીમાં જે હકીકત જણાવેલ છે તે જ હકીકત પુરાવાના સોગંદનામા માં જણાવેલ છે. આ સાહેદે તેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે ખેતરની વહેંચણીની નોંધ તા.૨૬–૦૨–૦૧ નારોજ જમીનની વહેંચણી થતા પડેલી. એ વાત ખરી છે કે પ્રતિવાદીઓએ આંક–૩૯ વાળાના લખાણ પહેલાથી પાણી વાપરે છે. કુવા વાળી જમીનના વિઘાનો ભાવ અંદાજે દશ લાખ એટલે ગુંઠાનો ભાવ રૂા.૬૨,૫૦૦/– જેટલો થાય. કુવો ખોદવાની મજુરી અંદાજે ત્રણ લાખ જેવી થાય. જમીન એક ગુંઠાની ઓછી આવેલ અને કુવાની લગોલગ આવેલી છે. અંબારામ માવજીભાઈ મારા કાકાના દીકરા થાય. આંક–૩૯ વાળા લખાણમાં અંબારામ ભાઈનું પણ નામ છે. એ વાત ખરી છે કે દાવામાં અંબારામ માવજીભાઈ ને જોડેલ નથી. નરસીભાઈ એ કુવાની આજુબાજુ આંક–૩૯ વાળા લખાણના અઠવાડીયા પહેલા છાપરા બનાવેલા. એ વાત ખરી છે કે અમો પ્રતિવાદી અમારા ખેતરમાં નુકશાન કરતા બાબતે કુવાની આજુબાજુ નરસીભાઈએ છાપરા બનાવેલા તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. આ સાહેદને સુચક પ્રશ્નો પુછવામાં આવેલા તેનો ઈન્કાર કરેલ છે. આ કામે આંક–૪૫ થી કેશવજીભાઈ મોહનભાઈ સનારીયાનું સી.પી.સી. ઓર્ડર રૂલ ૪ મુજબનુ પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે. તેઓએ વાદીને સમર્થન થાય તે મુજબનું સોગંદનામુ રજુ કરેલ છે. તેઓની સરતપાસમાં તેમણે જણાવેલ છે કે હું આ કામના વાદી

તથા પ્રતિવાદીઓને મારા કુટુંબીજનો થતા હોઈ ઓળખુ છુ. આ કામના વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે ઘરમેળે રાજીખુશીથી તમામની સમજુતીથી સમજુતી અંગેનુ લખાણ તા.૩૧–૦૫–૧૬ નારોજ નોટરી સમક્ષ નોંધવામાં આવેલ જે આ કામે આંક–૩૯ થી રજુ થયેલ છે અને તે લખાણમાં સાક્ષી તરીકે સાક્ષી નં.ર માં મારી સહી છે. મેં આ લખાણના દરેક પાને સહી કરેલી છે. મેં સહીઓ કરેલી ત્યારે આ કામના પક્ષકારો તથા બીજા સાહેદો નગીનભાઈ ગંગારામ સનારીયા તથા કેશવજીભાઈ રંગપરીયા એ મારી હાજરીમાં સહીઓ કરેલી જે સહીઓ હું ઓળખુ છુ. આંક–૩૯ વાળુ લખાણ નોટરીશ્રીએ આ કામના પક્ષકારો સમક્ષ વાંચી સંભળાવેલુ. ત્યારબાદ બધા સહમત થતા તેમાં પક્ષકારો તથા સાક્ષીઓએ નોટરી રૂબરૂ સહીઓ કરેલી. વાદી સવિતાબેન ગોરધનભાઈ અભણ હોય જેથી સમસ્ત કરારના લખાણમાં તેના જમણા હાથના અંગુઠાનુ નિશાન બધાની હાજરીમાં કરેલુ આ લખાણ નોટરી શ્રી જે.આર.પટેલ સમક્ષ કરવામાં આવેલુ તે જ છે આ સમજુતીના લખાણની શરતો નં.૩,૬,૭ તથા ૮ પરત્વે આ કામના પ્રતિવાદીઓએ વાદી સાથે કોઈ પણ પ્રકારનો અમલ દાવો કરતા સુધીમાં કરેલ નથી તેમ કરી પ્રતિવાદીઓએ લખાણની શરત નં.૩, ૬, ૭ તથા ૮ નો ભંગ કરેલ છે. આ હકીકત અમો બધા કુટુંબીજનો થતા હોઈ હું જાણુ છુ. પ્રતિવાદીઓ તરફથી સમાધાન ની ઉપરોકત શરતોનો ભંગ કરેલ હોય જેથી વાદીએ શરતોનુ પાલન કરવાનો હાલનો દાવો કરેલ છે અને દાવાની હકીકતોથી હું વાકેફ છુ. આ સાહેદે તેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, હું જમીન લે–વેચ નો વેપાર કરુ છુ. ગોરધન ગંગારામભાઈ મારા કાકાના દીકરા થાય. આંક–૩૯ વાળા લખાણમાં મેં વાંચીને સહી કરેલી. આ લખાણમાં સવિતાબેન, ગોરધનભાઈ, નારણભાઈ દેવશીભાઈ, વલ્લભભાઈ દેવશીભાઈ, દેવશીભાઈ સુંદરજીભાઈ, મગનભાઈ ગંગારામભાઈ , અંબારામભાઈ માવજીભાઈ, રંગપરીયા કેશવજીભાઈ નાઓ પક્ષકારો હતા. આ લખાણ કયા સર્વે નંબરવાળી જમીનનુ હતુ તે હું કહી શકુ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે ખેતરનુ નામ આથમણુ હતુ. આ લખાણ કુવા માટે કરવામાં આવેલ હતુ. કુવાની કિંમત પંદર લાખ પચાસ હજાર નકકી થયેલી. આ લખાણ મુજબ દેવશીભાઈ સુંદરજીભાઈ, સવિતાબેન ગોરધનભાઈ ને તથા અંબારામ માવજીભાઈને પ્રત્યેકને રૂા.૫,૧૬,૬૬૦/– લેખે ચુકવવાના હતા. સવિતાબેનને એકાદ

ગુંઠા જેટલી જમીન ઓછી આવેલી. આ એક ગુંઠો જમીન ઓછી આવેલી જમીનની રકમ આશરે રૂા.૪૩,૦૦૦/- નકકી થયેલી. એ વાત ખરી છે કે, કુવો સવિતાબેન ની જમીનમાં આવેલ છે. સવિતાબેન ની જમીનમાં કુવાના કારણે એક ગુંઠો ઓછો આવેલો. આંક-૩૯ વાળા લખાણ પહેલા કુવામાનું પાણી દેવશીભાઈ સુંદરજીભાઈ એકલાજ વાપરતા હતા. એ વાત ખરી છે કે, ખેતીની જમીનની વહેંચણીની નોંધ ૨૦૦૧ ના વર્ષમાં થયેલી. આંક-૩૯ વાળું લખાણ કઈ તારીખે કે કયા વર્ષમાં થયેલ તે મને યાદ નથી. આ સાહેદને સુચક પ્રશ્નો પુછવામાં આવેલા તેનો ઈન્કાર કરેલ છે.

આ કામે આંક-૫૦ થી પ્રતિ.નં.૩ નું સી.પી.સી. ઓર્ડર ૧૮ રૂલ ૪ મુજબનું પુરાવાનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ તેઓના દાવા જવાબમાં જે હકીકત જણાવેલ છે તે જ હકીકત પુરાવાના સોગંદનામા માં જણાવેલ છે. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે સવિતાબેન ગોરધનભાઈ અમારા કુટુંબી થાય. સવિતાબેન ના પતિનું નામ ગોરધનભાઈ ગંગારામ સનારીયા છે. મારા પિતા અને ભાઈએ મને કુલમુખત્યારનામુ કરી આપેલ છે. હું ધોરણ-૬ સુધી ભણેલ છુ. મારા પિતાની જુદા જુદા સર્વે નંબર ની જમીનોનો વહિવટ હું કરુ છુ તેથી તેના રેવન્યુ રેકર્ડથી હું વાકેફ છુ. એ વાત ખરી છે કે, વાદીના ખાતે રાજપર ગામ ખાતે સર્વે નં.૩૦૬ પૈકી ૨ ની જમીન આવેલી છે અને તેમાં કુવો આવેલ છે. અમો પ્રતિવાદીના ખાતે રાજપર ગામના સર્વે નં.૩૦૬ પૈકી ૧ ની જમીન આવેલી છે. વાદીએ રજુ કરેલ રેવન્યુ રેકર્ડથી હું માહીતગાર છુ. અમારી અને વાદીની જમીન શેઢા શેઢ આવેલ છે. એ વાત ખરી છે કે મારે મારી જમીનમાં જવુ હોય તો વાદીની જમીનમાં થઈ જવુ પડે અને મારી જમીનમાં પાણીની પાઈપ લાઈન નાખવી હોય તો વાદીની જમીનમાં થઈ મારી જમીનમાં નાખવી પડે. એ વાત ખરી છે કે અમારે કુવા અને પાઈપ લાઈન બાબતે વાદી સાથે તકરાર હોય તે બાબતે સમજુતી થયેલી. એ વાત ખરી છે કે આંક-૩૯ વાળા લખાણ ખોટુ હોવા બાબતે પહેલા કે દાવા બાદ કોઈ કાનુની પ્રક્રિયા કે ફોજદારી ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે, અમારા રેવન્યુ રેકર્ડની નોંધ નં.૩૪૦૨ તા.૨૬-૦૨-૨૦૦૧ ની રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મનાઈ હુકમ વિરૂધ્ધ અમોએ કોઈ અપીલ કરેલ નથી.

આ સાહેદને તેની ઉલટ તપાસમાં સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેનો ઈન્કાર કરવામાં આવેલો.

(૮) આ કામે મુખ્યત્વે તકરાર એવી છે કે કરાર કરવામાં જ આવેલ નથી. તો આ બાબતે પ્રતિવાદીની ઉલટ તપાસ જોઈએ તો તેમાં તેઓએ સ્પષ્ટ કબુલેલ છે કે દાવા પહેલા કે પછી આંક–૩૯ વાળા સમજુતીના લખાણ અંગે મેં વાદી સામે ફોજદારી પ્રક્રિયા કે ફરીયાદ દાખલ કરેલ નથી. તેમજ આ કામે પ્રતિવાદીએ પોતે આંક–૩૯ વાળા સમજુતીના લખાણમાં તેની સહીઓ છે કે કેમ તે બાબત નકકી કરવા માટે તેઓ તેમની સહીઓ હેન્ડ રાઈટીંગ એકસપર્ટમાં કમ્પેર કરાવી પુરવાર કરી શકયા હોત. પરંતુ તે બાબતે તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી અને પ્રતિવાદી તથા વાદીઓની વચ્ચે તા.૩૧–૦૫–૨૦૧૬ નારોજ કરાર થયેલ નથી તેની વિરૂધ્ધની કોઈ હકીકત પ્રતિવાદીએ વાદીની સર તપાસનું ખંડન કરીને અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવાથી પુરવાર કરેલ નથી. તેમજ આ કામે વાદીએ રજુ કરેલ ચુકાદો ધ્યાને લઈએ તો જયારે હિન્દુ પક્ષકારો વચ્ચે પાર્ટીશન કરવામાં આવેલ હોય ત્યારે આવુ પાર્ટીશન રજીસ્ટર્ડ કરાવવુ જરૂરી નથી. આમ આ કામે પક્ષકારો વચ્ચે તા.૩૧–૦૫–૧૬ નારોજ લખાણ થયેલાની હકીકત પુરવાર થાય છે. તેમજ આ કામે આ લખાણમાં જણાવ્યા મુજબ લખાણની શરત નં.૩ માં જણાવ્યા મુજબ પ્રતિવાદીએ વાદીને કુવાની કિંમત પેટે રૂા.૫,૧૬,૬૬૦/– તા.૦૭–૦૬–૨૦૧૬ સુધીમાં ચુકવી આપવાના હતા. તેમજ આ લખાણની શરત નં.૬ મુજબ ની એક ગુંઠાની જે જમીન ઓછી થઈ તે જમીન પેટે પ્રતિવાદીએ વાદીને રૂા.૧૪,૫૦૦/– ચુકવી આપવાના હતા. આમ મળી પ્રતિવાદીએ વાદીને કુલ રૂા.૫,૩૧,૧૬૦/– ચુકવવાના નીકળતા હતા. પરંતુ આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો આ કામે પ્રતિવાદી તરફથી વાદીને રૂા.૫,૩૧,૧૬૦/– કે આવી કોઈ રકમ કે આ રકમનો કોઈ ભાગ ચુકવી આપેલો હોય તેવો કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો પ્રતિવાદી તરફથી રેકર્ડ પર રજુ થયેલ નથી. તેમજ આવી હકીકતનું પ્રતિવાદી તરફથી વાદીની સર તપાસના સોગંદનામા માં પણ કોઈ રીતે ખંડન કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં આ રકમ પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવાની થતી હોવાનું પુરવાર થાય

છે અને આવી રકમ પ્રતિવાદી તરફથી વાદીને ચુકવી આપવામાં આવેલ નથી. તેમજ આ કામે આ કરારના પેરા ૮ માં જણાવેલ છે કે આ જમીનમાં મજુરો માટે જે છાપરા બનાવેલ છે તે દુર કરવાના રહેશે અને કુવાની હદમાં કોઈ પણ પ્રકારનું દબાણ કરવાનું રહેશે નહી. આવી હકીકત સ્પષ્ટ જણાવેલ છે. પરંતુ વાદગ્રસ્ત જગ્યામાં છાપરા આવેલ નથી કે છાપરા દુર કરેલ છે તેવી હકીકત પ્રતિવાદીએ કોઈ પણ રીતે રેકર્ડ ઉપર લઈ આવેલ નથી કે આ સંજોગોમાં મુદ્દા નં.૧ થી ૩ ની હકીકતો પુરવાર થતી હોઈ તેમજ આ કામે પ્રતિવાદીની મુખ્યત્વે એવી તકરાર હતી કે તા.૩૧–૦૫–૨૦૧૬ નો કહેવાતો કરાર પ્રતિવાદીની જાણ બહાર અને ફોસલાવીને કરાવી લીધેલ છે પરંતુ આ હકીકત પુરવાર કરવા માટે પ્રતિવાદીઓ તરફથી આ કરાર થયો ત્યારથી દાવો દાખલ થયો ત્યાં સુધી આવુ લખાણ વાદીઓએ તેને સમજાવી ફોસલાવીને તેઓની જાણ બહાર કરાવી લીધેલ છે તે બાબત અંગે આ કામના વાદીઓની સામે કોઈ પોલીસ ફરીયાદ કે કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ નથી. તેમજ આવુ લખાણ ખોટુ, ગેરકાયદેસર નું અને તેઓની જાણ બહાર ફોસલાવીને તેઓની પાસે કરાવી લીધેલ છે જેથી આ લખાણ ગેરકાયદેસરનું ઠરાવવા માટે તેઓએ હાલના વાદીની સામે દાવો ડેકલેરેશનની દાદ મેળવવા માટે દાખલ કરેલ હોઈ  તેવો કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો આ કામે રજુ કરેલ નથી. આવા સંજોગોમાં પ્રતિવાદીઓ આવી કોઈ હકીકત પુરવાર કરી શકેલ નથી કે તા.૩૧–૦૫–૨૦૧૬ નો કરાર પ્રતિવાદીની જાણ બહાર અને ફોસલાવીને કરાવી લીધેલ છે. આમ આ ચર્ચા કર્યા મુજબ વાદીએ મુદ્દા નં.૧ થી ૩ ના મુદ્દા પુરવાર કરેલ હોય અને મુદ્દા નં.૧ થી ૩ ના જવાબ હકારમાં આપુ છુ. તેમજ પ્રતિવાદી મુદ્દા નં.૬ ની હકીકતો સાબીત કરી શકેલ ન હોય મુદ્દા નં.૬ નો જવાબ નકારમાં આપુ છુ. આ કામે મુદ્દા નં.૪ તથા ૫ ધ્યાને લઈએ તો હાલના દાવામાં પક્ષકારો વચ્ચેનું સમજુતીનું લખાણ તા.૩૧–૦૫–૨૦૧૬ નારોજ નું કરવામાં આવેલ છે અને એ લખાણ થયા મુજબ પક્ષકારોએ તા.૦૭–૦૬–૨૦૧૬ સુધીમાં તેનો અમલ કરવાનો હતો પરંતુ પ્રતિવાદી તરફથી આ લખાણનો અમલ ન થતા વાદીએ તા.૦૩–૧૦–૨૦૧૬ નારોજ હાલનો દાવો દાખલ કરેલ છે તેવુ રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. આ સંજોગોમાં હાલના દાવાને કોઈ  સમય–મર્યાદાનો બાધ નડતો હોય તેવુ જણાઈ આવતુ નથી. કારણકે કરારની તારીખથી ત્રણ વર્ષની અંદર

વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે. તેમજ કરારના અમલીકરણ માટેનો દાવો ચલાવવાની હકુમત સીવીલ કોર્ટને રહેલી છે. આ સંજોગોમાં આ દાવાને ચલાવવાની આ અદાલતને હકુમત છે એવુ માની શકાય. આ સંજોગોમાં મુદ્દા નં.૪ નો જવાબ નકારમાં આપુ છુ અને મુદ્દા નં.૫ નો જવાબ હકારમાં આપુ છુ. આમ ઉપરોકત મુદ્દા નં.૧ થી ૬ ના મુદ્દાઓની ચર્ચા કર્યા મુજબ વાદીએ મુદ્દા નં.૧ થી ૩ ના મુદ્દાઓ પુરવાર કરેલ હોઈ તેમજ પ્રતિવાદી મુદ્દા નં.૬ ની હકીકત પુરવાર કરી શકેલ નથી. આવા સંજોગોમાં વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર બનતા હોવાનું પુરવાર થતુ હોઈ મુદ્દા નં.૭ નો જવાબ હકારમાં આપુ છુ. તેમજ મુદ્દા નં.૮ નો જવાબ આખરી હુકમ મુજબ કરવામાં આવે છે.

## <u>–: આખરી હુકમ:–</u>

– આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ અને વાદીની તરફેણમાં એવો હુકમ કરવામાં આવે છે કે આ કામના વાદી પ્રતિવાદીઓની હરેક મિલ્કત અગર તેઓની પાસેથી દાવો દાખલ થયા ત્યારથી રૂા.૫,૩૧,૧૬૦/– પુરા ની રકમ ઉપર આ રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકાના વ્યાજ સાથે રકમ વસુલ મેળવવા હકકદાર બને છે. તેમજ પ્રતિવાદીઓ તા.૩૧–૦૫–૨૦૧૬ નારોજ વાદી અને પ્રતિવાદીઓની વચ્ચે થયેલ લખાણનો અમલ કરવા બંધાયેલ છે તેવુ ઠરાવવામાં આવે છે. તેમજ આ કરાર મુજબ પ્રતિવાદીઓએ વાદીની માલીકી અને કબ્જા ભોગવટામાં આવેલ ખેડવાણ જમીન રાજપર ગામના સર્વે નં.૩૦૬ પૈકી ૨ માં કોઈ પણ પ્રકારનું ગેરકાયદેસર કૃત્ય ગેરકાયદેસર રીતે બીન જરૂરી પ્રવેશ કરી ખેતીકામ ને નુકશાન કે આ જમીનમાં પ્રતિવાદીઓ જાતે કે તેમના એજન્ટો, મુખત્યાર, પ્રતિનિધી, દાળીયા–સાથી કે મજુરો કે અન્ય ત્રાહીત શખ્શો કે વંશ વારસો મારફતે કોઈ પણ જાતનું દબાણ કે તેના વંશ વાલી વારસો મારફતે કરે કરાવે નહી તેવો વાદીની તરફેણમાં તેમજ પ્રતિવાદીની વિરૂધ્ધમાં કાયમી મનાઈ હુકમ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે વાદી તથા પ્રતિવાદીઓને થયેલ તમામ ખર્ચ પ્રતિવાદીઓ એ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમ મુજબ નું હુકમનામુ દોરવું.

હુકમ આજ તારીખ–૩૦ મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામા આવેલ છે.

મોરબી.
તા. ૩૦–૦૯–૨૦૨૧

( યોગેશ નરેન્દ્રકુમાર પટેલ )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
મોરબી
જી.જે.૦૦૬૬૪